પ્રશ્નબેંક

ત્રિમાસિક કસોટી : ફેબ્રુઆરી - 2026

તારીખ : ધોરણ – 8 કુલ ગુણ : 40

વાર : વિષય – ગુજરાતી સમય : -

**પ્રશ્ન – 1 નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો : (04)**

1. વીસમી સદીમાં શાની શોધ પછી વિવિધ પ્રોગ્રામ્સથી સજ્જ રોબૉટ આવી રહ્યા છે? [ ]

A. ટેલિવિઝન B. પ્રોજેક્ટર C. કમ્પ્યૂટર D. જનરેટર

2. મિ. ઉત્તમ લોકોને રોબૉટની કઇ વીડિયો કિલપ બતાવે છે? [ ]

A. વિવિધ કારખાનાંમાં કામ કરતાં

B. પૅથૉલૉજી લૅબમાં લોહીનું પરીક્ષણ કરતાં

C. વાહનવ્યવહારનું સંચાલન કરતાં

D. આપેલ તમામ કામ કરતાં

3. બાબુ કુરકુરિયાને શું કહેતો? [ ]

A. કતીલાં B. કંતીલાં C. કટીલાં D. કતીરાં

4. પિતાનું મૃત્યુ થતાં વિજય અભ્યાસ છોડીને શું કરવા ઇચ્છતો હતો? [ ]

A. ધંધો B. નોકરી C. ઍક્ટિંગ D. છૂટક મજૂરી

**પ્રશ્ન – 2 કૌંસમાં આપેલા શબ્દોમાંથી સાચો શબ્દ પસંદ કરી નીચેની ખાલી જગ્યાઓ પૂરો : (04)**

(સ્ટેજ, જડતી, હિમાચ્છાદિત, યુનિવર્સિટી, કરિયાવર)

1. હોટલની બારીમાંથી કાશમીરનાં ___________ શિખરોનું મનોરમ્ય દૃશ્ય દેખાતું.
2. માનવીના મગજમાં ___________ નો વિચાર સદીઓ પહેલાંનો છે.
3. મને ખબર નહિ કે છોકરાઓને પણ ___________ અપાતો હશે.
4. વિજય ___________ માં ડિસ્ટ્રિક્શન સાથે પહેલા વર્ગમાં પાસ થઇ ગયો.

**પ્રશ્ન – 3 નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો: (04)**

1. આવળબાવળની રમતમાં શું કરવાનું હોય છે?
2. હેમંતભાઇના હિસાબે ગૌરાંગના બૅન્ક ઍકાઉન્ટમાં કેટલા રૂપિયા જમા હોવા જોઇએ?
3. બાબુને કઇ એક વસ્તુનું વ્યસન હતું?
4. ગૌરાંગને હૉસ્ટેલમાં લઇ જવા માટેની વસ્તુઓની મધુબહેને બનાવેલી યાદી જણાવો.

**પ્રશ્ન – 4 નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો : (04)**

1. લેખકના શેઠ દયાહીણા અને સ્વાર્થી હતા.
2. લેખકના કાકાભા ભગવાનના માણસ હતા.
3. લેખક એક શેઠની નોકરી બસો રૂપિયામાં કરતા હતા.
4. લેખકની પત્નીનો સ્વભાવ થોડોક ઉગ્ર હતો.

**પ્રશ્ન – 5 નીચેનાં પ્રશ્નોના ઉત્તર બે - ત્રણ વાક્યોમાં લખો :** **(04)**

1. 'દોરી સર્વની એના હાથમાં' – આ પંક્તિનો અર્થ શું છે?
2. કાવ્યમાં આપેલ શ્રીફળમાં મીઠું જળ ભરાવાનું ઉદાહરણ શું દર્શાવે છે?

**પ્રશ્ન – 6 નીચેના પ્રશ્નનો ઉત્તર ચાર-પાચ વાક્યોમાં લખો :** **(03)**

1. શાના આધારે કહી શકાય કે લેખકને બીમારી છતાં મહિનાની રજા ન આપનાર તેમના શેઠ દયાહીણા અને સ્વાર્થી નહોતા?

**પ્રશ્ન – 7 નીચેના શબ્દોની જોડણી સુધારીને લખો :** **(02)**

1. ક્રુષ્ણ -
2. ચંન્દ્ર -

**પ્રશ્ન – 8 નીચેના શબ્દોના બે-બે સમાનાર્થી શબ્દો લખો :** **(02)**

1. મહત્ત્વ -
2. સરળ -

**પ્રશ્ન – 9 નીચેના શબ્દોનો અર્થભેદ લખો :** **(02)**

(1) વાગે –
વાગ્યે –

(2) વાળવું –
વારવું –

**પ્રશ્ન – 10 નીચેના શબ્દોમાંથી ધ્વનિઓ છૂટા પાડીને લખો :** **(02)**

(1) નિષ્ફળ –

(2) શ્રીફળ –

**પ્રશ્ન – 11 નીચેનાં વાક્યોને યોગ્ય સંયોજક જોડી ફરી લખો :** **(02)**

(1) એ વખતે હું વડોદરામાં માધ્યમિક શાળામાં ભણું. આ નાના ગામથી પિરિચત. (પા, તેથી, એટલે)

(2) રાત્રે જમ્યા. થયું કે ચાલ એકાદ મિત્રને પકડું. (તેથી પણ, પછી)

**પ્રશ્ન – 12 નીચે આપેલા શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :** **(01)**

સામાન, અરીસો, હોસ્ટેલ, ગૌરાંગ, ડિગ્રી, નાળિયેર

**પ્રશ્ન – 13 નીચેના રૂઢિપ્રયોગના અર્થ આપી, વાક્યપ્રયોગ કરોઃ** **(02)**

કર ઠરવો –

બળ ઠરવું –

**પ્રશ્ન – 14 નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :** **(04)**

(1) નજીવા લાભ માટે કાળી મજૂરી કરવી

(2) જીવતા રહેવા માટે કરવો પડતો સંગ્રામ

(3) રોગના કારણની તપાસ, રોગની ઓળખ

(4) સાધી ન શકાય તેવું, જેનો ઇલાજ નથી તેવું

## BEST OF LUCK